

# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

ગુજરાતી સાહિત્ય પરિષદ અને દેસાઈ શ્રી એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામના સંયુક્ત ઉપક્રમે શ્રી તારાબહેન મંગળજી મહેતા વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી લલિત નિબંધ : વળાંકો અને વિશેષો' પ્રા. અજય રાવલે પૂરી સજ્જતાથી ઉદાહરણો અને સંદર્ભો સાથે આપ્યું.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રકાશનમંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે ખાસ ઉપસ્થિત રહી ભૂમિકારૂપ વ્યાખ્યાન અને ઉમળકો વ્યક્ત કર્યો. પ્રા. અશ્વિન આણદાણીએ પરિષદ, કૉલેજ અને વિદ્યાર્થીઓનો વિશેષ આભાર માન્યો હતો.

## રાજેન્દ્ર શાહને શ્રદ્ધાંજલિ

આપણા મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શાહનું ૨ જાન્યુઆરીના રોજ નિધન થયું. તેમને અંજલિ આપવા તા. ૧૨-૧-૨૦૧૦ના રોજ પરિષદમાં શોકસભાનું આયોજન કર્યું હતું. શ્રી નિરંજન ભગતના અધ્યક્ષસ્થાને મળેલ આ સભામાં શ્રી ધીરુભાઈ પરીખ, શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ એમના જીવન અને કવિતા સંદર્ભે વાત કરીને અંજલિ આપી હતી. શ્રી નિરંજન ભગતે એમને મોટા ગજાના કવિ કહીને મુંબઈના વસવાટ દરમિયાનનાં સ્મરણો સાથે એમની કવિતા અંગે સ્મરણીય વાતો કરી હતી. મંત્રી રાજેન્દ્ર પટેલે શોકઠરાવનું વાંચન અને સભાનું સંચાલન કર્યું હતું. શોકસભા પૂર્વે પરેશ નાયક દિગ્દર્શિત એમની ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

## સાહિત્યસિદ્ધાન્ત વ્યાખ્યાનશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત 'સાહિત્યસિદ્ધાન્ત વ્યાખ્યાનશ્રેણી'નું બીજું વ્યાખ્યાન ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૦ને ગુરુવારે સાંજે ૫.૩૦ કલાકે જાણીતા આધુનિક વિવેચક અને સર્જક શ્રી સુમન શાહ 'સાહિત્યસિદ્ધાન્તના સ્વરૂપની વિચારણા' વિશે આપશે. સાહિત્યસિદ્ધાન્તની વધુ ને વધુ નિકટ જવાય, પૂર્વ અને પશ્ચિમના કાવ્યવિચારની તુલનાત્મક ચર્ચા થાય તેમજ નૂતન પ્રવાહોની જાણકારી મળે એ આ શ્રેણીનો ઉદ્દેશ છે. રસ ધરાવનાર સૌને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

## ગ્રંથગોષ્ઠિ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાય મંદિર દ્વારા યોજાતા 'ગ્રંથગોષ્ઠિ' કાર્યક્રમ અંતર્ગત શ્રી રઘુવીર ચૌધરીના અધ્યક્ષસ્થાને તા. ૧૬-૨-૨૦૧૦ ને મંગળવારના રોજ જાણીતા આધુનિક સર્જક-વિવેચક શ્રી શિરીષ પંચાલના વાર્તાસંગ્રહ 'અંચઈ' વિશે શ્રી અજય રાવલ તેમજ દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કૃત વિવેચનગ્રંથ 'વાત આપણા વિવેચનની' વિશે શ્રીમતી ઉષા ઉપાધ્યાય આસ્વાદલક્ષી વક્તવ્ય આપશે.